MONDAY 5.11.2018

IITGn ખાતે જેન્ડર સેન્સિટાઇઝેશન ઉપર કોન્કલેવનું આયોજન કરાયું હતું

# 377 નાબૂદ તો થઈ, પરંતુ હવે લાંબી મજલ કાપવાની બાકી છે: પ્રો. શ્રુત બ્રહ્મભટ્ટ



આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ઓરેન્ડા ક્લબ દ્વારા જેન્ડર સેન્સિટાઈજેશન ઉપર કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુપ્રિમ કોર્ટે ૩૭૭ કલમને નાબૂદ કરતાં હવે એલ.જી.બી.ટી.ક્યૂ કોમ્યુનિટી માટે પડકારો અને સમાજની માનસિકતા વિશે પર વાત કરતાં કર્ણાવતી યુનિવર્સિટીના પ્રોફેસર શ્રુત બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે હાઈકોર્ટે ૨૦૦૯માં આને ક્રિમિનલ ઓફેન્સ ગણાવ્યું હતું ત્યારબાદ લાંબી લડતના અંતે વર્ષ ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટે ૩૭૭ને નાબુદ કરી એને એને ક્રિમિનલ ઓફેન્સની કેટેગરીમાંથી બાકારત રાખ્યું. સૌથી મોટી લડતનો પ્રારંભ થશે. એમાં સોશિયલ એક્સ્પેટન્સ પ્રથમ ક્રમે આવે છે. આ પ્રસંગે તેમણે સતામણીના કિસ્સા વર્ણવતા જણાવ્યું હતું કે પહેલા સમલૈંગિક લોકોમાંથી કોઈની પણ સતામણી થતી તો તેઓ પોલીસ પાસે જતાં અને પોલીસ પણ તેઓને સપોર્ટ કરવાને બદલે સતામણી કરતી હતી. હવે પોલીસ પણ એ લોકોની સાથે રહેશે, સમલૈંગિકતા હવે સમાજ માટે ટેબુ નથી રહી. વિવિધ કાર્યક્રમો થકી જ આ અંગે લોકોમાં જાગ્રતતા લાવવાના પ્રયાસો કરાશે.

**સમલૈંગિકો માટે સોશિયલ એક્સ્પેટન્સ સૌથી મોટો પડકાર**

### એઇડ્સમાં ભારત ત્રીજા ક્રમે જે ગંભીર બાબાત

વિશ્વભરમાં એઇડ્સમાં ભારત ત્રીજા ક્રમે છે જે ગંભીર અને વિચારવા લાયક બાબત છે. હાલ લોકોમાં સેફ સેક્સ અંગે અવેરનેસ નથી, એટલે લક્ષ્ય સંસ્થા લોકોમાં સેક્સ અંગે અવેરનેસ અને રેડલાઇટ એરિયામાં પ્રોટેક્શન માટે કામ કરી રહી છે તેમ લક્ષ્ય સંસ્થાના ફાઉન્ડર માનવેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું.

**Title:** Gender Sensitization Conclave held at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/53704/ahmedabad/page/21#
**Date:** 05-11-2018